# પ્રસુતિ લાભ અધિનિયમ ના મુખ્ય પ્રાવધાન

1. નવથી વધુ કર્મચારીઓ વળી સંસ્થામાં કામ કરતી મહિલા કામદાર માટે પ્રસુતિ (બે બાળકો સુધી) માટે રજાનો સમય ૨૬ અઠવાડિયા છે.

2. કોઈ મહિલા કામદારને બે થી વધુ બાળકો થવા પર ૧૨ અઠવાડિયા સુધી રજાનો લાભ મળી શકે છે. અને તે સમય અનુમાનિત પ્રસુતિના સમયના ૬ અઠવાડિયાથી પહેલા મળી શકે નહિ.

3. પ્રસુતિ લાભ હેઠળની રજા અનુમાનિત પ્રસુતિના સમયના ૮ અઠવાડિયા પહેલા થી લઇ શકાય છે.

4. જે મહિલા કામદાર ત્રણ વર્ષથી ઓછી ઉમરના બાળકને કાયદેસર દતક લે છે તે ૧૨ અઠવાડિયા ની રજાને પાત્ર છે.

5. જે મહિલા સરોગસીથી માતૃત્વ ધારણ કરે છે તેમને ૧૨ અઠવાડિયાની રજાનો લાભ મળે છે.

6. જો કોઈ સંસ્થામાં ૫૦ કે તેથી વધુ કામદાર કામ કરતા હોય તો તે સંસ્થાની જવાબદારી છે કે તે બાળકો માટે ઘોડિયાઘરની વ્યવસ્થા રાખે અને દિવસમાં ચાર વાર ઘોડીયાઘર માં જવાની અનુમતિ આપવામાં આવે.

7. જે સંસ્થામાં કામનો પ્રકાર એવો હોય કે મહિલા કામદાર ઘરેથી પણ કામ કરી શકે તો મહિલાઓને ઘરેથી કામ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપવી.

8. જો કોઈ મહિલા કોઈ સંસ્થામાં ૮૦ દિવસથી કામ કરતી હોય, ચાહે તે પ્રત્યક્ષ રીતે અથવા કોઈ કોન્ટ્રકટર દ્વારા કામે રોકવામાં આવેલ હોય તો પણ તે પ્રસુતિ લાભ મેળવવાને પાત્ર છે.

9. દિવસોની સંખ્યાની ગણતરી માટે છેલ્લા ૧૨ મહિનામાં મહિલા દ્વારા લેવામાં આવેલ રજાઓ પણ ગણતરીમાં લેવામાં આવશે અને આનો સમય મહિલા અને નિમણુંક કરનારની અરસપરસ ની સમજુતીથી નક્કી કરવામાં આવશે

10. પ્રસુતિ લાભ અધિનિયમ હેઠળ લાભ મેળવનાર મહિલા સંસ્થા પાસેથી રૂ. ૩૫૦૦/- પ્રતિ માસ મેડીકલ બોનસ મેળવવાને પાત્ર છે.

11. જો કોઈ કારણવશ કોઈ મહિલાને કસુવાવડ થઇ જાય અથવા મેડીકલ ટર્મિનેશન કરવામાં આવે તો આ પરિસ્થિતિમાં મહિલા કામદાર આ અંગેનું પ્રમાણ આપી ૬ અઠવાડિયાની રજાને પાત્ર બને છે.

12. જો કોઈ મહિલા નસબંધીનું ઓપરેસન કરાવે તો આ સ્થિતિમાં તે સંસ્થાને તેનું પ્રમાણ આપીને ૨ અઠવાડિયાની રજાને પાત્ર બને છે.

13. જો કોઈ મહિલાને બાળકના જન્મ પછી અથવા બાળકની અકાળે પ્રસુતિ થઇ જાય અથવા કસુવાવડ અથવા અન્ય કોઈ સંજોગોવસાત કમજોરી અનુભવાતી હોય તો એક મહિનાની વધુ રજા મેળવવાને પાત્ર બને છે.

કર્મચારી ની સહી                                        તારીખ